



Education Department
Government of Gujarat

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit

G3Q GUJARAT GYAN GURU QUIZ 2.0
જાણશે ગુજરાત જીતશે ગુજરાત

## શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત

## ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q ) 2.0 (2023-24)

- રાજ્યનો યુવા વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃદ્ધ બની ગુજરાતને સંપુર્ણપણે જાણી આત્મનિર્ભર ગુજરાતની પહેલ સાથે દ્રઢતાથી જોડાઈ શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તથા ૧૮ વર્ષ થી વધુ ઉંમરના અભ્યાસ ન કરતા હોય તેવા નાગરીકો માટે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q ૨.૦)"નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રના વિકાસ માટે સિદ્ધ કરવામાં આવેલ યોજનાઓની લોકભોગ્ય માહિતી તમામને મળશે.

### 1. શુભારંભ કાર્યક્રમ (ક્વિઝ લોન્ચિંગ કાર્યક્રમ):

- G3Q ૨.૦ નું લોન્ચિંગ પ્રમુખસ્વામી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતેથી તા: ૨૪/૧૨/૨૦૨૩ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કરવામા આવ્યું હતું
- G3Q ૨.૦નાં લોન્ચિંગ કાર્યક્રમમાં જે વિદ્યાર્થીઓએ ક્વિઝ રમી તેમાંથીં, નીચે મુજબના વિજેતાઓ ઘોષિત થયા.

| વિજેતા | શાળા કક્ષા (ઈનામની રકમ રૂ.માં) | કોલેજ/ યુનિવર્સીટી કક્ષા (ઈનામની રકમ રૂ.માં) |
|---|---|---|
| પ્રથમ વિજેતા(૦૧) | ૧૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| દ્વિતીય વિજેતા(૦૧) | ૧૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| તૃતીય વિજેતા(૦૧) | ૭,૦૦૦/- | ૧૫,૦૦૦/- |
| ૪થા થી ૨૫માં વિજેતા(૨૨) | ૨,૫૦૦/- (૨,૫૦૦ x ૨૨ =૫૫,૦૦૦) | ૫,૦૦૦/- (૫,૦૦૦ x ૨૨ = ૧,૧૦,૦૦૦) |
| કુલ રકમ | ૮૭,૦૦૦/- | ૧,૭૦,૦૦૦/- |
| | કુલ રકમ રૂ. ૨,૫૭,૦૦૦/- | |

## 2. G3Q 2.0નું સંપૂર્ણ સમય-સારણી:

- G3Q 2.0ની સંપૂર્ણ સમય-સારણી(સંભવિત) નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| Week | Start Date | End Date | Winner School | Winner College - University | Others | Total Winners |
|---|---|---|---|---|---|---|
| 1 | 24-12-2023 | 29-12-2023 | 500 | 500 | 500 | 1500 |
| 2 | 31-12-2023 | 05-01-2024 | 500 | 500 | 500 | 1500 |
| Bumper Quiz 1 | 06-01-2024 | | 198 | 198 | | 396 |
| 3 | 07-01-2024 | 12-01-2024 | 500 | 500 | 500 | 1500 |
| 4 | 14-01-2024 | 19-01-2024 | 500 | 500 | 500 | 1500 |
| Bumper Quiz 2 | 20-01-2024 | | 198 | 198 | | 396 |
| 5 | 21-01-2024 | 26-01-2024 | 500 | 500 | 500 | 1500 |
| 6 | 28-01-2024 | 02-02-2024 | 500 | 500 | 500 | 1500 |
| Bumper Quiz 3 | 03-02-2024 | | 198 | 198 | | 396 |
| 7 | 04-02-2024 | 09-02-2024 | 500 | 500 | 500 | 1500 |
| 8 | 11-02-2024 | 16-02-2024 | 500 | 500 | 500 | 1500 |
| Bumper Quiz 4 | 17-02-2024 | | 198 | 198 | | 396 |
| 9 | 18-02-2024 | 23-02-2024 | 500 | 500 | 500 | 1500 |
| 10 | 25-02-2024 | 01-03-2024 | 500 | 500 | 500 | 1500 |
| Bumper Quiz 5 | 02-03-2024 | | 198 | 198 | | 396 |
| Finale | | | 99 | 99 | | 198 |
| Total | | | 6,089 | 6,089 | 5,000 | 17,178 |

- આમ, તા:૨૪/૧૨/૨૦૨૩થી લઈને કુલ ૧૦ અઠવાડિયા માટે ક્વિઝ રમાડવામાં આવશે. ૧૦ અઠવાડિયા સુધી દર રવિવાર થી શુક્રવાર(૦૬ દિવસ) સુધી સવારના ૦૮:૦૦ વાગ્યાથી રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી ક્વિઝ રમી શકાશે. ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q ૨.૦) અંતર્ગત અંદાજીત ૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને ક્વિઝ રમાડવામાં આવશે.
- ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q ૨.૦)માં પણ ગત વર્ષની જેમ સ્પર્ધકને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવેલ છે.

1) ધોરણ ૯ થી ૧૨ શાળા કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી
2) કૉલેજો અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી
3) અન્ય પ્રજાજન કેટેગરી (૧૮ અને ૧૮ વર્ષથી ઉપરના ગુજરાતના તમામ નાગિરક)

## 3. રજીસ્ટ્રેશનની પ્રક્રિયા:

- ઉપરોક્ત ૦૩ કેટેગરીના સ્પર્ધક [www.g3q.co.in](http://www.g3q.co.in) (G3Q ૨.૦ પોર્ટલ) પર પોતાના મોબાઈલ/ટેબ્લેટ/કોમ્પ્યુટરથી રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજીસ્ટ્રેશન સમયે જો કોઈ મૂંઝવણ હોય તો હેલ્પલાઈન નંબર: 99789 01597 અથવા 78783 30030 પર સંપર્ક કરવો.
- સ્પર્ધક [www.g3q.co.in](http://www.g3q.co.in) (G3Q ૨.૦ પોર્ટલ) લોગ ઈન થઈને પોતાના મોબાઈલ/ટેબ્લેટ/કોમ્પ્યુટરથી ક્વિઝ રમી શકશે.

## 4. G3Q 2.0 માટેની પ્રશ્નબેંક:

- G3Q 2.0માં કુલ ૬૦,૦૦૦ પ્રશ્નો(૩૦,૦૦૦ અંગ્રેજી ભાષામાં તથા ૩૦,૦૦૦ ગુજરાતી ભાષામાં) પૂછવામાં આવશે જેમાંથી....

1) માન. પ્રધાનમંત્રીશ્રીની સિલેક્ટેડ સ્પીચ ( G 2 0 , વિદેશી પ્રવાસની સ્પીચ, જનસભા કાર્યક્રમ) , કવોટેશમાંથી, "મન કી બાત" કાર્યક્રમમાંથી ૨૫% જેટલા પ્રશ્નો પૂછવામાં આવશે

2) સરકારની યોજનાઓ તથા મોટા પ્રોજેક્ટ આધારિત પ્રશ્નો, વિદ્યાર્થીઓના અનુભવગત પ્રશ્નો, સામાન્ય જ્ઞાન અને કરંટ અફેરને લગતા પ્રશ્નો, બંધારણને લગતા પ્રશ્નો, સ્પર્ધાત્મક પરિક્ષાના પ્રશ્નો (Logical Reasoning & Mathematics), વાઈબ્રન્ટ સમિટને લગતા પ્રશ્નો માંથી ૭૫ % પ્રશ્નો પૂછવામાં આવશે.

3) આ ઉપરાંત માન. પ્રધાનમંત્રીશ્રીની સિલેક્ટેડ સ્પીચ, કવોટેશ, "મન કી બાત" કાર્યક્રમમાંથી ૨૦૦૦ જેટલા વિડીયો પ્રશ્ન પૂછવામાં આવશે.

## 5. સાપ્તાહિક ક્વિઝ (ગુજરાતના સ્કૂલ/કૉલેજ/યુનિવર્સિટી કક્ષાના તમામ વિદ્યાર્થી):

- દર રવિવારે G3Q 2.0ના પોર્ટલ પર ત્રણ કેટેગરીના ૫૦૦ + ૫૦૦ + ૫૦૦ આમ. કુલ ૧૫૦૦ વિજેતાઓ ઘોષિત કરવામાં આવશે.

| Details | No. of Winners | Prize money per winner ( In Rs. ) |
|---|---|---|
| School Winners | 500 | 2,000/ - |
| College -University Winners | 500 | 3,000/ - |
| Other Category Winners | 500 | |
| Total of per Week | 1,500 | |

અન્ય પ્રજાજન કેટેગરીના વિજેતાઓને સાયન્સ સીટીની એક દિવસની વિઝીટ માટેનું વાઉચર આપવામાં આવશે.

## 6. બમ્પર ક્વિઝ (તમામ ૩૩ જીલ્લા માટે):

- ૧૦ અઠવાડિયાની ક્વિઝ દરમ્યાન દર ૦૨ રાઉન્ડ બાદ ૦૧ બમ્પર ક્વિઝ યોજવામાં આવશે આમ કુલ ૦૫ બમ્પર ક્વિઝ યોજવામાં આવશે .
- બમ્પર ક્વિઝમાં શાળા કક્ષાની કેટેગરી તથા કૉલેજ/યુનિવર્સિટી કેટેગરીના કોઈપણ સ્પર્ધક ઓનલાઈન રમી શકશે.

| Details | No. of Winners per District | Prize money per winner (In Rs.) |
|---|---|---|
| School Winners | 6 | 5000/- |
| College -University Winners | 6 | 7000/- |
| Total (Per District) per Bumper Quiz | 12 | |
| Total of 33 District per Bumper Quiz | 12 winners x 33 Districts = 396 Winners | |

- આ ઉપરાંત બમ્પર ક્વિઝના તમામ વિજેતાઓને તેઓના નજીકના જિલ્લાના ઉદ્યોગો, જોવાલાયક ઐતિહાસિક સ્થળો જેવા કે, રિલાયન્સ, બોમ્બાર્ડ, મારુતિ સુઝુકી, વેલસ્પન, મુન્દ્રા પોર્ટ, હઝીરા પોર્ટ, દહેઝ, GNFC, GSFC, વડનગર, દ્વારકા, રાણકી વાવ, સોમનાથ, SOU, અમુલ ડેરી, બનાસ ડેરી, સાયન્સ સીટી, મહાત્મા મંદિર, વગેરે જેવા તથા અન્ય સ્થળોની એક દિવસીય ટુરનું આયોજન કરવામાં આવશે.

### 7. ફિનાલે ક્વિઝ (તમામ જીલ્લા કક્ષાએ):

- ૧૦ અઠવાડિયાના અંતે G3Q ૨.૦ નું Grand Finale માં ૧૦ અઠવાડિયાના શાળા કક્ષાના ૫,૦૦૦ વિજેતાઓ અને કૉલેજ કક્ષાના ૫,૦૦૦ વિજેતાઓ આમ કુલ ૧૦,૦૦૦ વિજેતાઓ Online ભાગ લેશે. જેમાં પ્રતિ જિલ્લા પ્રમાણે ૦૬ વિજેતાઓ(૦૩ શાળા કક્ષા + ૦૩ કૉલેજ-યુનિવર્સિટી કક્ષા) ઘોષિત કરવામાં આવશે. જેના ઇનામની રકમ નીચે મુજબ રહેશે.

| Details | Prize amount for School Winners (In Rs.) | Prize amount for College Winners (In Rs.) |
|---|---|---|
| 1st Winner | 2,00,000/- | 3,00,000/- |
| 2nd Winner | 1,50,000/- | 2,00,000/- |
| 3rd Winner | 1,00,000/- | 1,50,000/- |
| Total Prize Per District | 4,50,000/- (Total 3 Winners) | 6,50,000/- (Total 3 Winners) |
| Total Prize for 33 Districts | 1,48,50,000/- (Total 99 Winners) | 2,14,50,000/- (Total 99 Winners) |

### 8. ઈનામ વિતરણની પ્રક્રિયા:

- આ, ઉપરાંત તમામ વિજેતાઓને ડીઝીટલ પ્રમાણપત્ર ક્વિઝ પૂરી થતા તુરંત આપવામાં આવશે.
- G3Q ૨.૦ના તમામ વિજેતાઓ (શાળા કક્ષા તથા કૉલેજ અને યુનિવર્સિટી કક્ષા) ને ઇનામની રકમનું ચુકવણું DBT મારફત કરવામાં આવશે.

G3Q GUJARAT GYAN GURU QUIZ 2.0

જાણશે ગુજરાત જીતશે ગુજરાત

## 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ ૨.૦'

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિકાસલક્ષી અને પ્રજાલક્ષી ગૌરવગાથા

## તો આપ કોની રાહ જોઈ રહ્યા છો?

**થઈ જાવ તૈયાર...!**
**આજે જ રજિસ્ટ્રેશન કરાવી,**
**ક્વિઝ રમો અને જીતો આકર્ષક ઇનામો...!**